# પીયુસીની કતારમાં ઉભા રહેતા વાહનચાલકો માટે પણ સેવાકેન્દ્ર

## રીધ્ધિ મારુતિ સંચાલિત સેન્ટર પર લાંબા સમય સુધી કતારમાં રહેતા વાહનચાલકોને ચ્હા પાણીની સેવા પુરી પાડવામાં આવે છે



ગાંધીનગર તા ૧૫

ટ્રાફિક નિયમનના મુદ્દે સરકારે દંડ વસુલી માટે નવા નિયમોનુ આગામી તા ૧૬ સપ્ટેમ્બરથી પાલન કરશે જયારે હાલ આ દંડ વસુલીથી બચવા ટ્રાફિક નિયમનનુ પાલન કરવા સજ્જ થઈ રહ્યા છે. શહેરના પીયુસી સેન્ટરો પર સવાર થતા જ લાંબી કતાર જોવા મળે છે. રીધ્ધિ મારુતિ દ્વારા કાર્યરત પીયુસી સેન્ટર પર વાહનચાલકોની લાંબી કતારને અનુલક્ષી વાહનચાલકોને વરસાદી વાતાવરણમાં ગરમ ચ્હાની ચુસ્કીની સેવા પુરી પાડવા માટે પણ નાનુ અમથુ સેવાકેન્દ્ર કાર્યરત કરાયુ છે.



ટ્રાફિક નિયમનના મામલે સરકારે આકરી દંડ વસુલી કરવાનો નિર્ણય લીધા બાદ આગામી બે દિવસમાં નિયમનના મુદ્દે દંડ વસુલીનુ અભિયાન પણ શરૂ થવાનુ છે. ત્યારે દંડથી બચવા અને નિયમનનુ પાલન કરવા માટે સફાળા જાગૃત થયેલા નાગરિકો હાલ નિયમનથી સજ્જ થવા કતારમાં લાગ્યા છે. પીયુસી સેન્ટરો પર ઠેર ઠેર લાંબી કતારો જોવા મળે છે. આવા સંજોગોમાં કતારમાં લાંબો સમય ઉભા રહેતા વાહનચાલકોને પીયુસી સેન્ટર દ્વારા વિશેષ સેવા પણ પુરી પાડવામાં આવે છે. પીયુસી માટે પણ અંબાજી જતા પદયાત્રિકોની જેમ સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. શહેરમાં સ્થિત રીધ્ધિ મારુતિ દ્વારા કાર્યરત પીયુસી સેન્ટર પર વાહનચાલકોની રોજ સવારથી જ મોટી લાઈન લાગે છે. કતારમાં ઉભા રહેતા વાહનચાલકો માટે રીધ્ધિ મારુતિના સંચાલક દ્વારા વરસાદી છાંટણા વચ્ચે ગરમ ચ્હા ની સેવા પુરી પાડવામાં આવે છે. વરસાદી મોસમની રંગત અને ગરમ ચ્હાની ચુસ્કીની સંગત વચ્ચે કતારમાં ઉભા રહેવાનો સમય આસાનીથી પસાર થઈ જાય છે. જયારે આડા દિવસોમાં પણ આ મુજબ ટ્રાફિક નિયમનના પાલન માટે નાગરિકો તત્પર રહેતા હોય તો આ દિવસોમાં એક સાથે સફાળા લાઈનમાં ન ઉભા રહેવુ પડે...પરંતુ હવે સવાલ માર્ગ સલામતીની સાથે .. આકરા દંડનો પણ છે. એટલુ જ નહીં પરંતુ ટ્રાફિક નિયમન નાગરિકોના હિત માટે અત્યંત અનિવાર્ય છે. પૈડા પરની જિન્દગી સુરક્ષિત કરવા માટે માત્ર વાતોથી કામ નહીં ચાલે પરંતુ આકરા પગલા પણ અનિવાર્ય છે.

# જિલ્લામાં ૯૪ ટકા વરસાદ

## જિલ્લામાં ખરીફ ઋતુનુ વાવેતર ૯૩ ટકાને પાર તો વરસાદ પણ ૯૪ ટકાને પાર પડ્યો : દહેગામ-કલોલમાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ તો જિલ્લામાં ૧ લાખ ૩૨ હજાર હેક્ટરમાં ખરીફ વાવેતર થયુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ખરીફ ઋતુનું વાવેતર ૯૩.૪૩ ટકા થયુ છે જ્યારે જિલ્લામાં વરસાદ પણ ૯૪.૭૨ ટકા થયો છે.

જિલ્લામાં હાલ પાકની પરિસ્થિતિ સારી હોવાનો દાવો જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. આજે પણ જિલ્લામાં હળવા વરસાદના ઝાપટા ગાંધીનગર અને દહેગામમાં નોંધાયા છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર જે વાવેતર નોંધાયુ છે જેમાં દિવેલાનું વાવેતર ૨૪૧૦૧ હેક્ટરમાં તો કપાસનું વાવેતર ૨૩૫૮૮ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૩,૫૨૨ હેક્ટરમાં, ગુવારનું વાવેર ૬૮૩૧ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૪૦૭૫૨ હેક્ટરમાં થવા પામ્યું છે.

આ ઉપરાંત મગફળીનું ૬૧૬૨ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૩૧૦૦ હેક્ટરમાં, ડાંગરનું વાવેતર ૧૨,૧૨૬ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૪૩૭ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૬૨ હેક્ટરમાં થવા પામ્યું છે.

જિલ્લામાં કલોલ અને દહેગામ એ બે તાલુકા એવા છે જ્યાં ૧૦૦ ટકા વરસાદ સિઝનનો થઈ ચુક્યો છે. ગાંધીનગરમાં ૭૭.૮૬ ટકા તો માણસામાં ૮૫.૭૪ ટકા વરસાદ નોંધાયો છે.

આ સિઝનમાં દહેગામમાં ૮૦૯ મી.મી., કલોલમાં ૮૩૭ મી.મી., માણસામાં ૬૮૭ મી.મી. અને ગાંધીનગરમાં ૫૪૭ મી.મી. વરસાદ આજે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં પહેલીવાર ક્રોપ પેટર્ન અને વરસાદ પેટર્નમાં પણ સામ્યતા જોવા મળી છે. ખરીફ વાવેતર બે તબક્કે નોંધાયુ છે તો વરસાદ પણ પાછોતરો સારો થવા પામ્યો છે. જિલ્લામાં તેલિબિયા પાકોના વાવેતર વિસ્તારમાં સારો એવો વધારો જોવા મળ્યો છે. તો જિલ્લામાં દહેગામ અને કલોલમાં ૧૦૦ ટકા વરસાદ સિઝનનો થયેલો જોવા મળ્યો છે.

જિલ્લામાં આ વખતે ચોમાસુ પણ ત્રણ વર્ષ બાદ સારૂ રહ્યુ છે અને તેને કારણે જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટીમાં સારો એવો સુધારો થશે તેમ જાણવા મળી રહ્યું છે. બીજી તરફ ખેતીમાં પણ આ વખતે સારા ઉત્પાદનની ખેડૂતોને આશા છે.

# જળશક્તિ અભિયાનનો આજે અંતિમ દિવસ

## શહેરના ૧૪૦૦ ફ્લેટમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ લગાવાઈ : ૪૩૦ લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે : અભિયાન સફળ રહ્યાનો કલેક્ટરને સંતોષ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લો જળશક્તિ અભિયાનમાં દેશમાં ૧૮મા સ્થાને છે અને હજુ એક દિવસ આ અભિયાનને સંપન્ન થવામાં બાકી છે ત્યારે જિલ્લો મોટી છલાંગ આ ક્રમાંકમાં મારવા તત્પર છે. બે દિવસથી સેન્ટ્રલ ગર્વમેન્ટની ટીમોએ પણ ગાંધીનગરમાં ધામા નાખ્યા છે અને જે અભિયાન અંતર્ગત થયેલ કામગીરીથી અત્યંત પ્રભાવિત છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો જિલ્લામાં પાછોતરા વરસાદ જે સારો થયો છે તેનાથી જિલ્લામાં જળશક્તિ અભિયાનને એક નવો જ વેગ મળ્યો છે. જિલ્લામાં ૪૦૦થી વધુ તળાવોમાં જળસંચય કરવામાં સફળતા મળી છે અને આ થકી ૪૩૦ લાખ ઘનફૂટ જળસંગ્રહની ક્ષમતામાં વધારો થયો છે. જિલ્લામાં જળશક્તિ અભિયાનની સફળતાને પગલે ભૂગર્ભ પાણીના સ્તર ૭ મીટર જેટલા ઉંચા આવવાના સંકેતો મળી રહ્યા છે.

૧લી જુલાઈથી ૧૫મી સપ્ટેમ્બર દરમ્યાન જિલ્લામાં જળશક્તિ અભિયાનનો પ્રથમ તબક્કો હાથ ધરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં ૨૪ લાખથી પણ વધુ વૃક્ષોનું વાવેતર થયુ છે. જિલ્લાને હરિયાળો બનાવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં જ ૧૪૦૦ જેટલા ફ્લેટો જે નવા નિર્માણ પામ્યા છે તેમાં રેઈન વૉટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ લગાવવામાં તંત્ર સફળ રહ્યુ છે. આનાથી જળસંચયને નવો વેગ અને ફાયદો આગામી દિવસોમાં થશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં ૭૬ જેટલા બોર અને રિચાર્જ વેલનું સમારકામ કરી અને તેને પુનઃ ઉપયોગમાં લેવામાં પણ તંત્રને સફળતા મળી છે. જેને પરિણામે શહેરમાં પાણીની સમસ્યા હળવી બનશે.

જિલ્લામાં જળશક્તિ અભિયાન સફળ રહ્યુ છે તેમ જણાવતાં જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવામાં તેમજ જળસંચયની શ્રેષ્ઠ કામગીરી સમગ્ર તંત્રએ એક ટીમ બનીને કરી છે. આગામી દિવસોમાં તેનો સારો લાભ જિલ્લાને થશે. તેમણે કહ્યુ કે જિલ્લામાં ૩૦૦થી વધુ રિચાર્જીંગ વેલ અને બોરને રિયુઝ કરવામાં સફળતા મળી છે. જિલ્લામાં જળસંગ્રહની ક્ષમતામાં થયેલો વધારો એ આશીર્વાદ સાબિત થશે.

આ અભિયાન દરમ્યાન જિલ્લામાં નવ હજારથી પણ વધુ વિવિધ પ્રકારના કામો હાથ ધરવામાં આવ્યા છે અને તે બધાના સારા પરિણામો મળ્યા છે.

# નમામિ દેવિ નર્મદે

## કાર્યક્રમ બે તબક્કામાં : પહેલા સંત સરોવર ખાતે આરતી પછી નાથીબા હોલમાં નર્મદાનો મહિનાગાન થશે

ગાંધીનગર, તા. ૧૪

નમામિ દેવિ નર્મદે કાર્યક્રમ સંત સરોવર ખાતે યોજવામાં આવશે. આ પછી બીજા તબક્કામાં કડી કેમ્પસમાં આવેલ નાથીબા હોલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજવામાં આવશે.

૧૭મી નવેમ્બરે રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં યોજાનાર નમામિદેવિ નર્મદે કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

સંત સરોવર પણ ૧૭મી સુધીમાં નિર્માણ પામ્યા પછી છલોછલ થઈ જશે. અહિ પ્રભારી મંત્રી કૌશિક પટેલ, પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, મ્યુનિ. કમિશનર, મેયર અને અન્ય મહાનુભાવો આરતી કરશે અને નીરના વધામણા કરશે.

મળતી વિગતો પ્રમાણે સંત સરોવરમાં ૫૫.૨૦ મીટર પર તેની જળ સપાટી પહોંચી છે અને આગામી બે દિવસમાં તે છલોછલ થઈ જશે.

નાથીબા હોલ ખાતે નર્મદા નીરના વધામણા પછી સામાજિક સંસ્થાઓ, શહેરના-જિલ્લાના અગ્રણીઓ તેમજ અધિકારીઓ, કર્મચારીઓ અને વિશાળ જનસમુદાયની હાજરીમાં નર્મદે સર્વદેના જયઘોષ સાથે નર્મદાના નીરના વધામણાની સાથે નર્મદાના મહિમાનુ ગાન થશે. નર્મદાની સ્તુતિનું સમૂહ ગાન પણ કરવામાં આવશે.

સંત સરોવર થતાં જ શહેર સહિત ૧૪ જેટલા ગામોના ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે અને તેનો સીધો ફાયદો આગામી દિવસોમાં જળસંકટથી બચવાને થશે.

સંત સરોવરને ભરવાની કામગીરી ૨૯મી ઓગષ્ટથી હાથ ધરવામાં આવી છે. નર્મદાનું વધારાનું પાણી જે સુજલામ સુફલામમાં છોડાયા પછી લાકરોડા નજીકના આસ્કેપમાંથી આ પાણી આવી રહ્યું છે.

# વૃક્ષારોપણ નહીં કરનારી જિલ્લાની ૧૪ સરકારી શાળાને નોટિસ

ગાંધીનગર,તા.૧૪

ગાંધીગર જિલ્લાની દરેક સરકારી શાળાના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન વૃક્ષારોપણ નહીં કરનારી ૧૪ સરકારી શાળાના આચાર્યને નોટિસ ફટકારવામાં આવી છે. ચાલુ વર્ષે ચોમાસાની મૌસમ દરમિયાન માફકસરનો વરસાદ થતાં તંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લામાં મોટાપાયે વનીકરણ માટે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. તેમાં સરકારી કચેરીઓથી માંડી તમામ ખાનગી સહિતના એકમો અને સ્વૈચ્છિક સંસ્થાઓને સામેલ કરવામાં આવી હતી. તેની સાથે બાળકોમાં પર્યાવરણની જાગૃતિ કેળવાય અને સ્કૂલ કમ્પાઉન્ડમાં હરિયાળી ખિલી ઉઠે તેવા આશયથી તમામ સરકારી શાળાના

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં રોજબરોજ ગટરો ઉભરાતા સ્થાનિકોમાં રોષ



## દાયકાઓ જુની ગટર લાઇનને અપગ્રેડ કરવાની કામગીરી પુર્વે હાલની ફરિયાદો ડામવા માટે પણ અસરકારક આયોજન થાય તે અનિવાર્ય

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુની ગટરો વારંવાર ઉભરાતી હોવાની ફરિયાદો સ્થાનિક રહીશો માટે કકળાટનુ કારણ બની છે. સેકટરોમાં ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ગટરો ઉભરાવાની સાથે મેઈનહોલમાં ગાબડા પડતા ગટર લાઈનની વ્યવસ્થા ખોરવાઈ છે. આવા સંજોગોમાં સ્માર્ટ સીટી અન્વયે ગટર લાઈનના પ્રોજેકટનુ કામ આગામી દિવાસોમાં હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. પરંતુ હાલની સ્થિતિએ ફરિયાદોને ડામવા માટે તંત્ર દ્વારા અસરકારક કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં રોજ બરોજ ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરોમાં ગટરોના દુષિત પાણીનો ભરાવો થતા સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. તંત્ર પાસે પણ મેન પાવર અને મશીનરીનો અભાવ છે.

● અનુસંધાન પાન-૭ પર




પુણ્યતિથિએ પુણ્ય સ્મરણ

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो,
न हन्यते हन्यमाने शरीरे ॥
२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.
૨-૨૦ ભાગવત ગીતા

સ્વ. બળદેવભાઈ જીવણલાલ પટેલ (માણસા) (સેક્ટર-૬)

આપની બારમી પુણ્યતિથિએ શત શત વંદન.

ગં. સ્વ. રમાબેન બળદેવભાઈ પટેલ
અને પરિવાર
તરૂલત્તા - ભરતભાઈ આશા - અરવિંદભાઈ
તથા
ઉમિયા સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર



મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય લોગોથી બચવા આટલુ કરીએ

राष्ट्रीय वैक्टर जनित रोग नियंत्रण कार्यक्रम NVBDCP

૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ.
૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ - શુક્રવારને સુકા દિવસ તરીકે પાળવો.
૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા
૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
૯ ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામા ભંગાર તેમજ ટાયરોનો નાશ કરવો.
૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર ફ્રિઝની ટ્રેમાં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાજિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.
૧૧) જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો. આપની મચ્છરદાની નજીકના આરોગ્ય કેન્દ્ર પર મફત જંતુનાશક દવાયુક્ત કરી આપવામાં આવે છે.
૧૨) કોઈપણ તાવ મેલેરિયા કે ડેન્ગ્યુ હોઈ શકે તાવ આવે ત્યારે શરીરના ખુલ્લા ભાગ ઉપર રીપેલન્ટ લગાવવાથી મચ્છરને ચેપી બનતા અટકાવી શકાય અને અન્ય વ્યક્તિમાં રોગ ફેલાવતો અટકાવી શકાય.
૧૩, કન્સ્ટ્રક્શન સાઈટ તથા તેની આજુબાજુમાં ભરાઈ રહેતા પાણીમાં દર અઠવાડિયે બળેલા ઓઈલનો છંટકાવ કરવો,
૧૪. આપના ફ્લેટ તથા બંગલાઓના બેઝમેન્ટ, ધાબામાં, ફુવારા વગેરે જગ્યાએ પાણી ભરાય નહિ તથા જગ્યાઓએ મચ્છર ઉત્પત્તિ ન થાય તેની કાળજી રાખવી.

‘આપના સાથ સહકાર થકી ગાંધીનગર જિલ્લાને ૨૦૨૦ સુધીમાં મેલેરિયા મુક્ત કરીએ’

“Zero Malaria Starts with Me.”
‘‘મેલેરિયા અંતની શરૂઆત મારા પ્રયત્નોથી’’

મેલેરિયા શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com